# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-06-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# ASSEMBLY BY ELECTION

રાજ્યમાં વિધાનસભાની ખાલી પડેલી મહેસાણાની કડી અને જુનાગઢની વિસાવદર બેઠક માટે યોજાનારી પેટા-ચૂંટણીમાં કુલ 32 ઉમેદવારે ઉમેદવારી નોંધાવી છે, જેમાં કડીની અનુસૂચિત જાતિની અનામત બેઠક માટે 10 અને વિસાવદર સામાન્ય બેઠક માટે 22 ઉમેદવાર મેદાનમાં છે.

આજે ઉમેદવારી પત્રોની ચકાસણી હાથ ધરાશે.. જ્યારે ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ પાંચ જૂન છે.

. . . . . . . . . . .

# JAMNAGAR DEMOLITION

જામનગર મહાનગરપાલિકા દ્વારા સ્વામિનારાયણ નગરથી ગાંધીનગર સુધીના માર્ગ પર સતત ચોથા દિવસે પણ દબાણ હટાવવાની કાર્યવાહી ચાલી રહી છે. ત્રણ દિવસ દરમિયાન 265 મિલકતો પર દબાણ હટાવ્યા બાદ આજે ચોથા દિવસની કાર્યવાહીમાં એક સાથે છ ટીમ જોડાઇ.

12 મીટર રસ્તો પહોળો કરવા માટેની ડી.પી. કપાતની કામગીરી ચાલુ છે. સ્વામિનારાયણ નગરથી નવાગામ ઘેડ સુધી 3.5 કિલોમીટર વિસ્તારમાં 331 મિલકતધારકોને મહાનગરપાલિકાના તંત્ર દ્વારા આખરી નોટિસ પાઠવવામાં આવી હતી.

. . . . . . . . . . .

# ARVALLI CYCLOTHON

વિશ્વ સાયકલ દિવસ નિમિત્તે આજે અરવલ્લીમાં મોડાસાના સાંઈબાબા મંદિર ખાતેથી સાયકલ રેલી યોજાઇ. દરમિયાન ઘણા વર્ષોથી સાયકલિંગ કરતા તબીબો અને નગરજનોએ લોકોને સાયકલથી ચલાવવાના લાભ ગણાવ્યા. આ અંગે જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પારિકે વધુ માહિતી આપી.

(બાઈટ: પ્રશસ્તિ પારિક, કલેક્ટર, અરવલ્લી)

. . . . . . . . . . .

# RAIN OVERALL

રાજ્યમાં આજે સવારના છ વાગ્યાથી બપોરના 12 વાગ્યા સુધીમાં આઠ તાલુકામાં સામાન્ય વરસાદ થયાનાં અહેવાલ છે. સત્તાવાર યાદી મુજબ પંચમહાલના જાંબુઘોડા, વલસાડના પારડી અને વાપી તાલુકામાં અડધો ઇંચ વરસાદ પડ્યો છે.

છોટા ઉદેપુર જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, જિલ્લામાં કેટલાંક સ્થળોએ ગઈ મોડી  રાત્રે વીજળીના કડાકા સાથે હળવું ઝાપટું આવ્યું. આજે સવારે સાત વાગ્યે  ઉંચાપાન, સનાડા, રંગપુર સઢલી

વિસ્તારમાં, જ્યારે બપોરે બોડેલી પંથકમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો.

આણંદ જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, છેલ્લાં 24 કલાકમાં આણંદ, ખંભાત અને પેટલાદમાં બે  ઇંચ કરતાં વધુ વરસાદ નોંધાયો છે.

દરમિયાન હવામાન વિભાગે આજે અમદાવાદ સહિત રાજ્યના કેટલાંક વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની  આગાહી કરી છે.

. . . . . . . . . . .

# MEHSANA PREMONSOON PLAN

ચોમાસાને લઈ મહેસાણાની મામલતદાર કચેરીઓ ખાતે તાલુકા મુજબ આપત્તિ વ્યવસ્થા કેન્દ્ર શરૂ કરાયા. ચોમાસા દરમિયાન કોઈ પ્રકારની હોનારત સામે સજ્જ રહેવા સૌને તાકીદ પણ કરવામાં આવી છે.

જિલ્લા કલેક્ટર એસ. કે. પ્રજાપતિની અધ્યક્ષતામાં ચોમાસા પૂર્વેના આયોજન અંગે યોજાયેલી બેઠકમાં જર્જરીત મકાન ઉતારી લેવા, આપત્તિજનક વીજ થાંભલા દૂર કરવા, લાઈફ બૉટ તૈયાર રાખવા, વરસાદ માપક યંત્રને અદ્યતન બનાવવા, તરવૈયાઓ અને આશ્રય સ્થાનોની યાદી બનાવવી વગેરે તૈયારીઓ કરી લેવા જણાવાયું છે.

. . . . . . . . . . .

# IPL FINAL

ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPL ટી-20 ક્રિકેટની ફાઈનલ મૅચ આજે રૉયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ અને પંજાબ કિંગ્સ વચ્ચે રમાશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં આ મૅચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. રજત પાટીદારની આગેવાની-ની ટીમ R.C.B. ક્વાલિફાયર એક-ની મૅચમાં પંજાબ કિંગ્સને હરાવી ફાઈનલમાં પહોંચી છે. જ્યારે ક્વાલિફાયર બે-ની મૅચમાં પંજાબ કિંગ્સ મુંબઈ ઈન્ડિયન્સને હરાવી ફાઈનલમાં પહોંચી છે.

. . . . . . . . . . .

# BOTAD TEACHER AWARD

બોટાદના ગઢડા તાલુકાના શિક્ષક વિનોદ શિયાળને રાષ્ટ્રીય કક્ષાના "ઍન્વાયર્નમૅન્ટ કન્ઝર્વેશન ઍવોર્ડ 2025"થી સન્માનિત કરાયા. અમારા પ્રતિનિધિ પ્રકાશ ભિમાણી જણાવે છે, રાજ્ય સહિત દેશભરના અન્ય 14 રાજ્યના 120 જેટલા શિક્ષક અને પર્યાવરણપ્રેમીઓને આ પુરસ્કાર અપાયો. તેમાંથી એક ગઢડાની શ્રી બ્રાન્ચ શાળા નંબર છ-ના મદદનીશ શિક્ષક વિનોદ શિયાળનો સમાવેશ થાય છે.

શિક્ષક વિનોદ શિયાળે આ અંગે પ્રતિક્રિયા આપતા લોકોને પર્યાવરણના મહત્વને સમજવા, તેનું જતન કરવા અને જાળવણી માટે જરૂરી પગલાં લેવા અપીલ કરી.

ઉલ્લેખનીય છે કે, રાજ્યનાં માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બૉર્ડના મદદનીશ સચિવ પુલકિત જોષી તેમજ નિવૃત્ત I.F.S. અધિકારી બી. જે. પાઠકના હસ્તે રાષ્ટ્રીય કક્ષાનો આ પુરસ્કાર એનાયત કરાયો છે.

. . . . . . . . . . .

# GODHRA ROJGAR MELO

પંચમહાલમાં જિલ્લા રોજગાર વિનિમય કચેરી ગોધરા દ્વારા સરકારી I.T.I. જાંબુઘોડા ખાતે રોજગાર અને એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાયો. મેળામાં પંચમહાલની 10 કંપની દ્વારા 100 જેટલી ટેક્નિકલ અને નોન ટેકનિકલ જગ્યાઓ માટે પસંદગી પ્રક્રિયા હાથ ધરી કુલ ૩2 ઉમેદવારની પ્રાથમિક પસંદગી કરવામાં આવી.

ઉલ્લેખનીય છે કે આ ભરતી મેળામાં વિવિધ લાયકાત અને કૌશલ્ય ધરાવતા ૪0 જેટલાં મહિલા અને પુરુષ ઉમેદવારો હાજર રહ્યા હતા.

. . . . . . . . . . .